**<u>સ્પે.સેશન્સ કેસ નં.૧૪૦/૨૦૨૦</u>**

**<u>આંક–૧૯ અને ૩૪ હેઠળ સંયુકત હુકમ.</u>**

૧. હાલની આ આંક–૧૯ની અરજી આ કામના આરોપી નં.૪ ચિરાગ પરીખનાઓએ હાલના ગુન્હામાંથી ડીસ્ચાર્જ થવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૩૯ હેઠળ તા.૨૮/૦૪/૨૦૧૬ ના રોજ આપેલ છે.

૨. આ અરજી મુખ્યત્વે એવા કારણોસર આપેલ છે કે વડોદરા સીટી પોલીસ સ્ટેશન ધ્વારા ફર્સ્ટ ગુન્હા રજી. નં.૧૮૫/૨૦૧૫, ઈ.પી.કો.કલમ–૪૧૮,૪૧૯,૪૨૦,૪૬૫,૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી) હેઠળ નોંધાયેલ છે પરંતુ ગુન્હા રજી. નં.સેકન્ડ ૨૨૨/૨૦૧૫, ગેમ્બલીંગ એકટ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ હેઠળ તા.૧૫/૦૩/૨૦૧૫ ના રોજ રજીસ્ટર થયા પછી આ ગુન્હો નોંધાયો છે. તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ સીકંદરપુર, વડોદરા ખાતે ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે (ઈ.ડી.)એ ક્રિકેટ બેટીંગ એકટીવીટી ચાલી રહી છે તેથી રેઈડ કરેલ હતી અને રેઈડ દરમ્યાન સંખ્યાબંધ ઈલેકટ્રોનિકસ ગેઝેટ મોબાઈલ, સીમકાર્ડ, લેપટોપ વગેરે સ્થળ ઉપરથી કબજે કરેલ. આ સર્ચની જાણ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે લોકલ પોલીસને કરેલ અને તે આધારે સેકન્ડ ગુન્હા રજી. નં. ૨૨૨/૨૦૧૫,તા. ૨૧/૦૩/૨૦૧૫ ના રોજ ગેમ્બલીંગ એકટ અને આઈ.ટી. એકટ હેઠળ નોંધાયેલ અને તે ગુન્હાની તપાસ દરમ્યાન એવું જણાયેલ કે ક્રિકેટ સટ્ટા બેટીંગમાં મોબાઈલમાં સીમકાર્ડ વપરાયેલ છે તેમાં ફોલ્સ અને ફોર્જ ડોકયુમેન્ટનો ઉપયોગ થયેલ છે તેથી ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૮૫/૨૦૧૫ તા.૨૫/૦૩/૨૦૧૫ ના રોજ નોંધાયેલ. આ અરજીમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ જયારે રેઈડ કરી ત્યારે હાલના અરજદાર હાજર ન હતા અને તેથી જ સેકન્ડ ગુન્હા રજી. નં.૨૨૨/૨૦૧૫ માં હાલના અરજદારનું નામ નથી.

૨.૧ અરજદાર/આરોપી વિરૂધ્ધ લેખિત કે મૌખિક કોઈ જ પુરાવો નથી. તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ વડોદરા ફાર્મ હાઉસ ખાતેની રેઈડ દરમ્યાન અરજદાર હાજર ન હતા અને તેથી જ તેમનું નામ સેકન્ડ ગુન્હા રજી. નં.૨૨૨/૧૫ માં નથી. સીમકાર્ડ મેળવવા માટે આ અરજદારનો કોઈ રોલ નથી. સેકન્ડ ગુ.ર.નં.

૨૨૨/૨૦૧૫ નું ચાર્જશીટ નં.૪૨૪/૨૦૧૫ થી પ્રથમ ગુન્હો પાર્ટનરશીપના સભ્યો વિરૂધ્ધ નોંધાયેલ છે અને તેથી આ આરોપી વિરૂધ્ધ હાલનો આ કેસ ચાલી શકે નહિ અને તે ડબલ જીયો પારડી કહેવાય. હાલના કેસનું ચાર્જશીટ જોઈએ તો પણ કેટલાક સાહેદોના મૌખિક નિવેદનો સિવાય મેસર્સ મારૂતી પાર્ટનરશીપ ફર્મ અમદાવાદ ખાતે હતુ તેવું નીકળી આવતું નથી. કારણકે આવુ કોઈ પાર્ટનરશીપ ડીડ નથી અથવા તો ચાર્જશીટનો સમગ્ર દસ્તાવેજી પુરાવો જોતાં પાર્ટનરશીપ અમલમાં હોય તેવો પણ કોઈ પુરાવો નથી અને ઓરલ પાર્ટનરશીપ હતુ તેવુ બતાવવામાં આવેલ છે. ખોટી રીતે આરોપીને આ ગુન્હામાં સાંકળી દીધેલ છે. કદાચ એવું માનવામાં આવે કે મેસર્સ મારૂતી પાર્ટનરશીપ હતી તો પણ લાયેબીલીટી અરજદારની છે તેવું કહી શકાય નહીં કારણકે અરજદારનો કોઈ એકટીવ રોલ અથવા ઓવર એકટ હતું જ નહિ. અરજદાર ધ્વારા ફોલ્સ અને ફોર્જ ડોકયુમેન્ટના આધારે સીમકાર્ડ મેળવવામાં આવેલ છે તેવું નોલેજ જ હતું નહિ અને તેવી હકીકત રેકર્ડ ઉપર બતાવી શકયા નથી. સમગ્ર ચાર્જશીટ જેમ છે તેમ સ્વીકારવામાં આવે તો પણ અરજદાર વ્યકિતગત રીતે ફોલ્સ અને ફોર્જ સીમકાર્ડના દસ્તાવેજો મેળવવા માટે જવાબદાર છે તેવું સમગ્ર રેકર્ડ જોતાં જણાઈ આવતું નથી. આમ આ ગુન્હામાંથી મુકત થવા માટે અરજી આપેલ છે.

૩. આ અરજી તા.૦૯/૦૫/૨૦૧૬ ના રોજ વિધ્વાન ત્રીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડોદરાની કોર્ટમાં દાખલ કરેલ હતી અને વિ.મેજીસ્ટ્રેટશ્રીએ તપાસ કરનાર અમલદારને નોટિસ કાઢેલ હતી અને એફ.એસ.એલ.નો રીપોર્ટ મંગાવેલ હતો. પરંતુ ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ હેઠળ પણ ગુન્હો નોંધાયેલ હોય અને આ ગુન્હો શીડયુલ ઓફેન્સ બનતો હોય અત્રેની અદાલતમાં ચાર્જશીટ સહિત આ કામ મોકલી આપવામાં આવેલ છે.

૪. આ અરજીનો જવાબ આંક–૩૮ થી ફરીયાદ પક્ષ ધ્વારા આપવામાં આવેલ છે. જેમાં એવો ઉલ્લેખ કરેલ છે કે વડોદરાના ત્રીજા જયુ.મેજી.કોર્ટમાં તા.૧૯/૦૬/૨૦૧૫ ના રોજ આ ગુન્હાનું ચાર્જશીટ કરેલ, જેનો ક્રિમીનલ કેસ નં. ૩૨૧૯૯/૨૦૧૫ હતો. હાલનો આ શીડયુલ ઓફેન્સ હોય અત્રેની અદાલતમાં ચાલવા પાત્ર છે. ઉપરોકત ડીસ્ચાર્જ અરજી આવ્યા બાદ આ કામ આ સ્પેશીયલ

અદાલતમાં તબદીલ થતા સ્પે.કેસ નં.૧૪૦/૨૦૨૦ આપવામાં આવેલ છે. આ જવાબમાં મુખ્યત્વે એમ જણાવેલ છે કે તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ રેઈડ વખતે અરજદાર હાજર ન હતા પરંતુ ઈ.પી.કો.કલમ–૧૨૦(બી)ની જોગવાઈ ધ્યાને લઈએ તો આરોપીની પ્રત્યક્ષ હાજરી ન હોય પરંતુ સુયોજીત કાવતરામાં સંડોવાયેલ હોય ત્યારે હાજર ન હોયતો પણ ગુન્હામાં સંડોવાયેલ નથી તેમ માની શકાય નહિ. ડીસ્ચાર્જ અરજીના નિર્ણય સમયે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૧૬૧ ના નિવેદનોનું મૂલ્યાંકન થઈ શકે નહી. અરજદાર આ ગુન્હાના કામે સંડોવાયેલ છે. ચાર્જશીટ અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતાં અરજદારે સુનિશ્ચંત રીતે અન્ય આરોપીઓ સાથે કાવતરૂ ઘડી હાલનો ગંભીર ગુન્હો આચરેલ છે. આરોપીએ સક્રિય ભાગ ભજવેલ હોય તેમના વિરૂધ્ધ પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ છે. સાહેદોના નિવેદન ધ્યાને લેતાં સાહેદ નં.૬૮, ૬૯, ૭૦, ૭૧ ના નિવેદનો ધ્યાને લેવામાં આવે તો હાલના અરજદાર અન્ય આરોપી ધર્મેન્દ્રસિંહ સાથે પેઢીનો વ્યવસાયનું ધ્યાન રાખતો હતો અને જયારે પણ મેચ અને સટ્ટો ચાલે ત્યારે આવીને બેસતો હતો તેવી હકીકત ફલિત થાય છે.ક્રિકેટ સટ્ટા અન્વયેનો સેકન્ડ ગુ.ર.નં.૨૨૨/૨૦૧૫ થી ગુન્હો દાખલ થઈ ગયેલ છે તેમાં હાલનો ગુન્હો સીમકાર્ડ, બોગસ બનાવટી દસ્તાવેજો આધારે મેળવવા સવલત પુરી પાડવા તથા મદદગારી સબબનું ચાર્જશીટ છે. સાહેદ નં.૪૨ હરીશભાઈ, સાહેદ નં.૫૩ જીતેશભાઈ શાહ, સાહેદ નં.૬૮ શંભુપ્રસાદ, સાહેદ નં.૭૧ નાગજીભાઈ રબારી, સાહેદ નં.૭૨ થી ૭૫ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના કર્મચારીઓના નિવેદન ધ્યાને લેતાં હાલના અરજદારે ગુન્હાના કામે ભાગ ભજવેલ છે તેવું સ્પષ્ટ થાય છે. આમ, એકદંરે આ અરજીનો જવાબ આપી આ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૫. આ જવાબના અનુસંધાને આંક–૪૩ થી તપાસ કરનાર અમલદારનાઓએ સોગંદનામુ કરેલ છે તેમજ આંક–૪૫ થી આ ગુન્હાના ફરીયાદી પોલીસ અમલદારે પણ સોગંદનામુ કરેલ છે. આ બંને સોગંદનામા જવાબના અનુસંધાને જ હોય સોગંદનામાની વિગતનો ફરીથી ઉલ્લેખ કરેલ નથી.

૬. હાલની આંક–૩૪ની અરજી અરજદાર/આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મિનનાએ આપેલી છે. આ અરજીની મુખ્ય હકીકત એવી છે કે, આ ગુન્હો સૌ

પ્રથમ કિશનવાડી પો.સ્ટે.વડોદરા ખાતે નોંધાયેલ હતો ત્યારબાદ ચાર્જશીટ થયેલ જે ચાર્જશીટ વડોદરાના વિ.ત્રીજા જયુડી.મેજી.ફ.ક. સમક્ષ ફાઈલ કરવામાં આવેલ પરંતુ શીડયુલ ઓફેન્સ હોય અરજદાર વિરૂધ્ધનો કેસ પી.એમ.એલ.એ. એકટ હેઠળનો હોય આ કામ અત્રેની કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે. ચાર્જશીટ જોતાં મારૂતી ફર્મમાં અરજદારનો ૫% હિસ્સો હતો અને સીમ કાર્ડ મેળવવા માટે ચીંટીંગ અને ફોર્જરી કરી ગુન્હાહિત કાવતરૂ કર્યાનો આક્ષેપ છે. ચાર્જશીટ જેમ છે તેમ સ્વીકારીએ તો પણ અરજદાર વિરૂધ્ધ કોઈ ગુન્હો બનતો નથી, એટલે કે ચીટીંગ કે ફોર્જરી અથવા ક્રિમીનલ કોન્સ્પીરન્સીના કોઈ જ તત્વો સમગ્ર ચાર્જશીટમાંથી નીકળી આવતા નથી. આરોપી વિરૂધ્ધનો ચાર્જ ગ્રાઉન્ડલેસ હોય કોઈ ગુન્હો બનતો ન હોય હાલની આ ડીસ્ચાર્જ અરજી નીચેના કારણોસર આપેલ હોય આરોપીને ગુન્હામાંથી ડીસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે. મુખ્યત્વે એવું કારણ જણાવેલ છે કે ઉપરોકત કલમોના કોઈ તત્વો પ્રથમ દર્શનીય ચાર્જશીટ કે એફ.આઈ.આર. જોતાં નીકળી આવતા નથી. આરોપી વિરૂધ્ધ આગળની કાર્યવાહી માટેના પૂરતા કારણો નથી. એફ.આઈ.આર.માં અરજદાર વિરૂધ્ધ વેગ અને જનરલ નેચરના આક્ષેપો કરવામાં આવેલ છે. મારૂતી અમદાવાદ તેવી કોઈ પાર્ટનરશીપનું અસ્તિત્વ જ નથી કે તેને બતાવતો કોઈ પુરાવો નથી કે તેને લગતું કોઈ ટ્રાન્ઝેકશન બતાવી શકતા નથી. સાહેદોના નિવેદન જોતાં આરોપી નં.૧,ર ક્રિકેટ બેટીંગ રનીંગ કરતા હતા અને અરજદાર બહારની બાબતનું ધ્યાન રાખતા પરંતુ આ બહારનો કયો વહીવટ તે ફરીયાદ પક્ષ કાંઈ કલીયર કરતા નથી, તેને લગતો કોઈ પુરાવો નથી. કદાચ દલીલ ખાતર મારૂતી અમદાવાદ ફર્મ છે તેવું સ્વીકારીએ તો પણ અરજદારની વીકારીયસ લાયેબીલીટી ઠરાવી શકાય નહિ. કોઈપણ સાહેદના નિવેદન નથી કે અરજદારે આરોપી નં.૧ને સીમ કાર્ડ આપવા માટે કોઈની સમક્ષ રીપ્રેઝન્ટ કર્યુ હોય, અરજદારે કોઈના પણ ફોટા, આઈ.ડી. પ્રૂફ વગેરે સીમ કાર્ડ મેળવવા માટે મેળવ્યા હોય તેવા નિવેદન નથી. ચીટીંગ અને ફોર્જરીનો કોઈ જ કેસ અરજદાર વિરૂધ્ધ બનતો નથી. મીટીંગ ઓફ માઈન્ડનો કોઈ પુરાવો નથી કે ચાર્જશીટ પણ તેવુ સજેસ્ટ કરતુ નથી, જે ગુન્હા હેઠળ ચાર્જશીટ થયેલ છે તે તમામ કલમો આ અરજીમાં જણાવેલ છે અને એવી રજુઆત કરેલ છે કે ઉપરોકત કોઈપણ તત્વો આ કેસમાં અરજદાર વિરૂધ્ધ સેટીસ્ફાઈ થતા

નથી. આમ, આરોપીને આ ગુન્હામાંથી ડીસ્ચાર્જ કરવા માટે હાલની આ અરજી આપેલ છે.

૭. આ અરજીનો જવાબ આંક–૩૫ થી ફરીયાદ પક્ષ ધ્વારા આપેલ છે તેના અનુસંધાને આંક–૪૨ અને ૪૪ થી પોલીસ અમલદારોએ સોગંદનામુ કરેલ છે. હાલનો આ જવાબ પણ ઉપરોકત જવાબ છે તેના જેવો જ છે અને જવાબમાં પણ સાહેદ નં.૫૩ અને સાહેદ નં.૬૩ થી ૬૯ ના નિવેદનો પ્રત્યે ધ્યાન દોરી આ અરજદાર બહારનો વહીવટ કરતા હોવાનું જણાવેલ હોય સંડોવણી ફલિત થાય છે તેવું જણાવેલ છે તેમજ આ જવાબમાં સાહેદ નં. ૭૧, ૭૨ થી ૭૫ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ ના સભ્યો તેમજ અન્ય સાહેદોના નિવેદનો પ્રત્યે ધ્યાન દોરી આ અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૮. આ અરજી અન્વયે અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.વી. સીકરવર સાથે શ્રી સી.કે.પંડયાને સાંભળ્યા. ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી પી.એમ.ત્રિવેદીને સાંભળ્યા. કેસનું ચાર્જશીટ અને પેપર્સ વંચાણે લીધા.

૮.૧ આંક–૧૯ અને આંક–૩૪ ની ડીસ્ચાર્જ અરજીઓ હાલના આરોપીઓ અનુક્રમે ચીરાગભાઈ હરેન્દ્રકુમાર પરીખ અને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મિન વિશ્વનાથ ચૌહાણનાઓએ આપેલ હોય ગુન્હાની હકીકત, સાહેદોના નિવેદન અને દલીલો એકજ સરખી હોય બંને અરજી ઉપર સંયુકત હુકમ કરેલ છે.

૯. અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ થયેલ છે કે આ કામના અરજદાર/ આરોપી નં.૩ અને ૪ નાઓએ આ ડીસ્ચાર્જ અરજી આપેલ છે તેની આ સંયુકત દલીલ કરેલ છે. ૧૯ માર્ચ ૨૦૧૫ ના રોજ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ ધ્વારા ફાર્મહાઉસ વડોદરા ખાતે રેઈડ કરવામાં આવેલ. જેમાં સાહેદ નં.૭૨ થી ૭૫ એમ કુલ ચાર સાહેદો ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના છે તે પૈકી રવિન્દ્રભાઈનું નિવેદન વાંચતા એકજ સરખી લાઈન ઉપર ચારેય સાહેદોના નિવેદન છે, કોઈપણ સાહેદ આરોપીનું નામ આપતા નથી. બે આરોપીઓ પૈકી કોઈપણ હાજર ન હતા. આમ, ફેમા એકટ હેઠળ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે રેઈડ કરી ત્યારે અરજદારો હાજર ન હતા, તે એફ.આઈ.આર. કર્યાના બે દિવસ પછી ગેમ્બલીંગ એકટ હેઠળ એફ.આઈ.આર. ૧૯ જણા વિરૂધ્ધ કરેલ છે. આમ ગુન્હો શીડયુલ એકટનો નથી તેમ છતાં પણ આ ગુન્હાની એફ.આઈ.આર. કરી ગુન્હો રજીસ્ટર કરેલ છે.

ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે ઈન્સ્ટીટ કરતા આ ગુન્હો રજીસ્ટર્ડ થયેલ છે. જેમાં મારૂતી પેઢી અમદાવાદના ઓરલ પાર્ટનરશીપના આધારે અમોને આ ગુન્હામાં લીધેલ છે તેમજ ભાગીદારીનો કોઈ દસ્તાવેજ નથી. મારૂતી ફર્મ બતાવવા કોઈ દસ્તાવેજ નથી. પૈસાની લેતી દેતી થઈ હોય તેવું બેંક એકાઉન્ટ નથી કોઈ બીઝનેશ ટ્રાન્ઝેકશન નથી. સમગ્ર ચાર્જશીટ જોતાં મારૂતી પાર્ટનરશીપ આવી કોઈ ભાગીદારી જ નથી. પરંતુ મૌખિક ભાગીદારી હોવાના કારણે તહોમતદાર બનાવેલ છે. સમગ્ર ચાર્જશીટ વાંચતા અરજદારનો કોઈ જ રોલ નથી. ફકત આઉટસાઈડ એકટીવીટી કરવાનો જ આક્ષેપ અમારી વિરૂધ્ધ થયેલ છે. ચીટીંગ કે ફોર્જરીમાં અમારું કોઈ જ ઈન્વોલ્વમેન્ટ નથી. મેં કોઈ ગેરકાયદેસર કાર્ય કર્યુ હોય અથવા તો મીટીંગ ઓફ માઈન્ડ હતી આ બાબતનો કોઈ પુરાવો નથી. જેથી ઈ.પી.કો.કલમ–૧૨૦(બી) એપ્લીકેબલ થાય નહિ અને આ તત્વો ચાર્જશીટમાં પણ નથી. અરજદારોએ ચીટીંગ કે ફ્રોડ કરેલ નથી. મે કોઈને ખોટી રીતે સમજાવ્યા હોય તેવું પણ નથી. આમ, ઈ.પી.કો.કલમ–૪૨૦ના તત્વો પણ સંતોષાતા નથી. સમગ્ર કેસ સીમકાર્ડ ઉપર આધારિત છે. સીમ કાર્ડ આપવા માટે મે અપ્રામાણિકપણે કોઈને રીપ્રેઝન્ટેશન કર્યુ હોય તેવું નથી. કોઈને ડેમેઝ કે ઈન્જરી થઈ હોય તેવો પણ કેસ નથી. અમે કોઈ ખોટા ડોકયુમેન્ટ રજુ કરેલ નથી કે સાઈન કરેલ નથી કે બીજા કોઈને સુચન આપેલ નથી. આમ, ફોર્જરી બની શકતી નથી, તેમજ આ કામમાં એફ.એસ.એલ. નો રીપોર્ટ પણ આવેલ નથી. બીજા ભાગીદારો જવાબદાર માટે અમે જવાબદાર તેવો કેસ કરેલ છે. પરંતુ વિકારીયસ લાયેબીલીટી બને નહિ. બીજાના એકટ માટે હું જવાબદાર નથી. કંપની કે ભાગીદારી પેઢીએ ગુન્હો કર્યો હોય તો ભાગીદાર જવાબદાર થાય. કોઈ એક ભાગીદાર ગુન્હો કરે તો વિકારીયસ લાયેબીલીટી બને નહિ એટલેકે બીજા ભાગીદાર જવાબદાર થાય નહિ. પાર્ટનરશીપ ફર્મ ને આરોપી બનાવેલ નથી તેથી પણ અમે જવાબદાર નથી. સાહેદ નં.૪ર હરીશભાઈનું નિવેદન જોતાં ૩ સીમ કાર્ડ માલાના કહેવાથી ધર્મિનને આપેલ, મેં મંગાવ્યા નથી કે મારા માટે આવેલ નથી. મારે અને હરીશ તારપરાને કોઈ ઓળખાણ નથી. સાહેદ નં.પ૩ જીતેશ શાહના નિવેદન મુજબ ચિરાગ પરીખ મિત્ર છે તેમ નાગજીભાઈએ જણાવ્યુ છે. સાહેદ નં.૬૩ નિખીલ શાહનું નિવેદન જોતાં આ ઈસમ કિરણ માલાને ત્યાં નોકરી કરતો

હતો. જેમાં પેઢી સંબંધેનો કિરણ અને ટોમી વહીવટ કરતા અને બહારનો વહીવટ ચિરાગ અને ધર્મેન્દ્ર કરતા હતા અને કોઈકવાર આવીને બેસતા હતા. સાહેદ નં.૬૪,૬૫,૬૭,૬૮,૬૯ ના નિવેદન જોતાં ઉપર મુજબના જ નિવેદન છે અને સીમીલર લાઈન મુજબ છે. ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના સાહેદોના નિવેદન પણ એકસરખા જ છે, તેમાંથી ગીરીશભાઈ અને માલાભાઈનું જ નામ નીકળે છે. આમ, વિગતવાર દલીલ કરી આરોપીઓનો આ ગુન્હામાં કોઈ રોલ ન હોય વીકારીયસ લાયેબીલીટી થાય નહિ તેમ વિગતવાર દલીલો કરી આ મુદ્દાઓ ઉપરના ચૂકાદા રજુ કરી આ અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૧૦. વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદીનાએ આ અરજીનો જવાબ અને તપાસ કરનાર અમલદારના સોગંદનામા પરત્વે ધ્યાન દોરેલ છે અને અરજદારનો રોલ સોગંદનામામાં જણાવેલ છે તેવી વિગતવાર દલીલ કરેલ છે. વિ.પી.પી.શ્રીની એવી પણ દલીલ છે કે સાહેદ નં.૭૨ થી ૭૫ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના ઓફીસરો છે. તેઓએ સ્થળ ઉપર રેઈડ કરી જુગારના સાધનો કબજે કરેલ અને સ્વતંત્ર સાહેદો છે, આ સાહેદોએ મોબાઈલ, લેપટોપ વિગેરે કબજે કરેલ છે. ટૂંકમાં જવાબમાં જણાવેલ સાહેદોના નિવેદનો પરત્વે ધ્યાન દોરી આ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૧૧. આ સામે અરજદારના વિ.વ.શ્રી એ એવી દલીલ કરેલ હતી કે ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના એક પણ અધિકારી હાલના બંનેમાંથી એક પણ અરજદારના નામ બાબતે જણાવતા નથી. રેઈડ દરમ્યાન હું હાજર હતો તેવું પણ કહેતા નથી.પ્રોપર્ટી ભાડે લીધી ત્યારે અમે હાજર આ સિવાયનો કોઈ રોલ નથી. આમ લેખિત સબમીશન અને ચુકાદાઓ લક્ષમાં લઈ આ અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૧૨. આ કામના અરજદાર પક્ષ તરફથી સી.આર.પી.સી.કલમ–૨૨૭ હેઠળના નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર વડી અદાલતના ચૂકાદાઓ રજુ કરેલ છે જે આ કેસના નિર્ણયાર્થે ધ્યાનમાં લેવા જરૂરી છે કે જે આ પ્રમાણે છે.

**<u>(1) 1979 3 SCC 4 : 1979 SCC(Cri)609,</u> Union of India V/s. Prafulla Kumar Samal And Another**

**Para 10:-** Thus, on a consideration of the authorities mentioned above, the following principles emerge:-

*(1)* That the Judge while considering the question of framing the charges under Section 227 of the Code has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made out.

*(2)* Where the materials placed before the Court disclose grave suspicion against the accused which has not been properly explained the Court will be fully justified in framing a charge and proceeding with the trial.

*(3)* The test to determine a prima facie case would naturally depend upon the facts of each case and it is difficult to lay down a rule of universal application. By and large however if two views are equally possible and the Judge is satisfied that the evidence produced before him while giving rise to some suspicion but not grave suspicion against the accused, he will be fully within his right to discharge the accused.

*(4)* That in exercising his jurisdiction under Section 227 of the Code the Judge which under the present Code is a senior and experienced court cannot act merely as a Post Office or a mouthpiece of the prosecution, but has to consider the broad probabilities of the case, the total effect of the evidence and the documents produced before the Court, any basic infirmities appearing in the case and so on. This however does not mean that the Judge should make a roving enquiry into the pros and cons of the matter and weigh the evidence as if he was conducting a trial.

**(2) (2008) 10 SCC 394 : (2009) 1 SCC (Cri)51, YOGESH ALIAS SACHIN JAGDISH JOSHI V/s. STATE OF MAHARASHTRA**

**Para 15:-** Chapter XVIII of the Code lays down the procedure for trial before the Court of Sessions, pursuant to an order of commitment under Section 209 of the Code. Section 227 contemplates the circumstances whereunder there could be a

discharge of an accused at a stage anterior in point of time to framing of charge under Section 228. It provides that upon consideration of the record of the case, the documents submitted with the police report and after hearing the accused and the prosecution, the Court is expected, nay bound to decide whether there is "sufficient ground" to proceed against the accused and as a consequence thereof either discharge the accused or proceed to frame charge against him.

**Para 16:-** It is trite that the words "not sufficient ground for proceeding against the accused" appearing in the Section postulate exercise of judicial mind on the part of the Judge to the facts of the case in order to determine whether a case for trial has been made out by the prosecution. However, in assessing this fact, the Judge has the power to sift and weigh the material for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made out. The test to determine a prima facie case depends upon the facts of each case and in this regard it is neither feasible nor desirable to lay down a rule of universal application. By and large, however, if two views are equally possible and the Judge is satisfied that the evidence produced before him gives rise to suspicion only as distinguished from grave suspicion, he will be fully within his right to discharge the accused. At this stage, he is not to see as to whether the trial will end in conviction or not. The broad test to be applied is whether the materials on record, if unrebutted, makes a conviction reasonably possible. *[See: State of Bihar Vs. Ramesh Singh and Prafulla Kumar Samal*].

**(3) (1977) 2 Supreme Court Cases 699, STATE OF KARNATAKA V/s. L. MUNISWAMY AND OTHERS**

**Para 10:-** On the other hand, the decisions cited by learned counsel for the respondents in *Vadilal Panchal V. D. D.*

*Ghadigaonkar* and *Century Spinning & Manufacturing Co. V. State of Maharashtra* show that it is wrong to say that at the stage of framing charges the court cannot apply its judicial mind to the consideration whether or not there is any ground for presuming the commission of the offence by the accused. As observed in the latter case, the order framing a charge affects a person's liberty substantially and therefore it is the duty of the court to consider judicially whether the material warrants the framing of the charge. It cannot blindly accept the decision of the prosecution that the accused be asked to face a trial. In *Vadilal Panchal*'s case, Section 203 of the old Code was under consideration, which provided that the Magistrate could dismiss a complaint if after considering certain matters mentioned in the section there was in his judgment no sufficient ground for proceeding with the case. To an extent Section 327 of the new Code contains an analogous power which is conferred on the Sessions Court. It was held by this Court, while considering the true scope of Section 203 of the old Code that the Magistrate was not bound to accept the result of an enquiry or investigation and that he must apply his judicial mind to the material on which he had to form his judgment. These decisions show that for the purpose of determining whether there is sufficient ground for proceeding against an accused the court possesses a comparatively wider discretion in the exercise of which it can determine the question whether the material on the record, if unrebutted, is such on the basis of which a conviction can be said reasonably to be possible.

૧૨. ઉપરોકત સિધ્ધાંતો આ અરજીના નિર્ણય અર્થે આ અદાલતે નજર સમક્ષ રાખેલ છે. પ્રોસીકયુશનનો કેસ જેમ છે તેમ જ આ

અદાલતે વંચાણે લેવાનો છે. એ જ રીતે સાહેદોના નિવેદન કે રજુ થયેલ અન્ય દસ્તાવેજી પુરાવા જેમ છે તે જ રીતે વંચાણે લેવાના છે, તેમાંથી શોધવાનું છે કે આક્ષેપેલ ગુન્હાના તત્વો આકર્ષાય છે કે કેમ અને તે માટે રજુ થયેલ મટીરીયલ અથવા દસ્તાવેજોનું લીમીટેડ હેતુથી અદાલત મૂલ્યાંકન કરી શકે અને તેથી અદાલત આ લીમીટેડ હેતુ માટે થઈને પુરાવો શીફ્ટ પણ કરી શકે કે જે સામાન્ય રીતે શરૂઆતના તબકકે થઈ શકે નહિ. ન્યાયાધીશશ્રીએ પ્રોસીકયુશનના માઉથ પીસ તરીકે અથવા પોષ્ટ ઓફિસ તરીકે વર્તવાનું નથી. પરંતુ રજુ થયેલ રેકર્ડની સંપૂર્ણપણે અસર જોવાની છે.

૧૩. આ કેસની તપાસ પુરી થયા પછી ચાર્જશીટ રજુ થયેલ છે તે વંચાણે લઈએ તો સમગ્ર ચાર્જશીટમાં આરોપી નં.૧ થી ૩ નો જ ઉલ્લેખ કરેલ છે. આરોપી નં.૪ નો ઉલ્લેખ પણ કરેલ નથી. એ ઉલ્લેખ પણ કરવો જરૂરી ગણું છું કે ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટ ધ્વારા તા.૧૯/૦૩/૨૦૧૫ ના રોજ ફાર્મ હાઉસ ખાતે રેઈડ કરવામાં આવેલ હતી તે ગુન્હાનું ચાર્જશીટ આ સ્પેશીયલ કોર્ટમાં પી.એમ.એલ.એ. સ્પે. કેસ નં.૮/૨૦૧૫ થી દાખલ થયેલ છે તેમજ આરોપીઓ વિરૂધ્ધ તા.૨૧/૦૩/૨૦૧૫ ના રોજ જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબનો ગુન્હો કિશનવાડી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૨૨૨/૨૦૧૫ થી નોંધાયેલ હતો અને જેનું ચાર્જશીટ વડોદરા ખાતેની કોર્ટમાં દાખલ થયેલ છે. ત્યારબાદ હાલનો આ ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ છે અને તેમાં તપાસ પૂરી થતા ચાર્જશીટ રજુ કરેલ છે. હાલના ગુન્હાનો મુખ્ય આક્ષેપ એવો છે કે આ ગુન્હો સીમકાર્ડ બોગસ બનાવટી દસ્તાવેજોના આધારે મેળવવા બાબતનો છે, અર્થાત સટ્ટા બેટીંગ માટે જે સીમકાર્ડ મેળવેલ છે તે બોગસ બનાવટી દસ્તાવેજોના આધારે મેળવેલાનો આક્ષેપ આ ગુન્હામાં થયેલ છે જેથી આ ગુન્હામાં આરોપી નં.૩ અને ૪નો શું રોલ છે તે જોવો અગત્યનો છે, અથવા આ બંને આરોપીઓ વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ?

૧૪. પ્રોસીકયુશન ધ્વારા આ બંને અરજીઓનો જવાબ આપેલ છે. આ જવાબમાં તેઓએ જે સાહેદોના નિવેદનો ઉપર આધાર રાખેલ છે તે નિવેદનો લક્ષ માં લેવા જરૂરી છે.

૧૫. ફરીયાદ પક્ષ તરફથી સાહેદ નં.૫૩ જીતેશભાઈ સૂર્યકાન્ત શાહના

નિવેદન ઉપર આધાર રાખવામાં આવેલ છે. જીતેશભાઈ આ ફાર્મહાઉસના માલિક હતા. આ સાહેદનું સમગ્ર નિવેદન જોતાં તેઓ એમ જણાવે છે કે ભાડે રાખેલ જગ્યા ઉપર કિરણભાઈ, ધર્મેન્દ્ર સિંહ, ગીરીશભાઈ અને ચીરાગ પરીખ આવતા જતા હતા અને રહેતા હતા. નાગજીભાઈ રબારી સાથે મારે પરિચય થયેલ, મારે મકાન ભાડે આપવાનું હોય એક દિવસ આ નાગજીભાઈ રબારી તથા તેની સાથે એક ભાઈ આવેલા અને મકાન જોઈ ગયેલા. સાથે આવેલા ભાઈનું નામ ચીરાગભાઈ છે અને અમદાવાદ રહે છે અને મિત્ર છે તેવું નાગજીભાઈએ જણાવેલું.

૧૬. આમ, આ નિવેદનથી આ ફાર્મહાઉસ/મકાન જયારે ભાડે રાખેલ ત્યારે ચીરાગભાઈ હાજર હતા તેટલી જ હકીકત નીકળી આવે છે. ઉપરાંત આ ભાડે રાખેલ જગ્યા ઉપર ધર્મેન્દ્રસિંહ ચૌહાણ અને ચીરાગભાઈ આવતા જતા હતા આ જ હકીકત નીકળી આવે છે.

૧૭. સાહેદ નં.૬૩ નિખીલભાઈ શાહ કે જેઓ કિરણભાઈ માલાને ત્યાં નોકરી કરતા હતા તેમના નિવેદન મુજબ,'' આ ધંધામાં ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તથા ચીરાગ પરીખ ભાગીદાર તરીકે જોડાયેલ. ક્રિકેટ મેચનો સટ્ટો ચલાવતા હતા. આ પેઢી નું સંચાલન કીરણભાઈ માલા તથા ગીરીશભાઈ કરતા હતા તેમજ બહારનો વહીવટ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તથા ચીરાગ પરીખ કરતા હતા અને મેચો રમાય ત્યારે અમારૂ નેટવર્ક ચાલતુ હતુ ત્યાં કોઈક કોઈક વાર આવીને બેસતા હતા.

૧૮. સાહેદ નં.૬૪ હિમાંશુ શાહના નિવેદન મુજબ,'' હું મારૂતી અમદાવાદ પેઢી માં નોકરી કરું છું. ભાગીદારી પેઢીમાં કીરણકુમાર, ગીરીશભાઈ, ધર્મેન્દ્ર સિંહ તથા ચીરાગ પરીખ ભાગીદાર છે. આ પેઢીના સટ્ટાનું સંચાલન કીરણભાઈ માલા તથા ગીરીશભાઈ કરતા હતા તેમજ બહારનો વહીવટ ધર્મેન્દ્રસિંહ તથા ચીરાગ પરીખ કરતા હતા અને મેચો રમાય ત્યારે અમારૂ નેટવર્ક ચાલતુ હતુ ત્યાં કોઈ કોઈક વાર આવીને બેસતા હતા.

૧૯. સાહેદ નં.૬૫ તૃષાર પટેલના નિવેદન મુજબ,'' હું મારૂતી અમદાવાદ પેઢી માં નોકરી કરતો હતો. પેઢીમાં ધર્મેન્દ્ર સિંહ તથા ચીરાગ પરીખ ભાગીદાર છે. આ સિવાયની કોઈ જ હકીકત આરોપી વિરૂધ્ધની આ સાહેદના નિવેદનથી નીકળી આવતી નથી.

૨૦. સાહેદ નં.૬૬ સુનીલકુમાર પ્રજાપતિના નિવેદન મુજબ,'' તેઓ

મારૂતી અમદાવાદ નામની પેઢીમાં નોકરી કરતા હતા આ પેઢીમાં ધર્મેન્દ્રસિંહ તથા ચીરાગ પરીખનાઓ પણ ભાગીદાર છે'' આ સિવાયની કોઈ હકીકત આ બંને આરોપીઓ પૂરતી આ સાહેદો નિવેદનમાં જણાવતા નથી.

૨૧. સાહેદ નં.૬૭ વિજયકુમાર ઉર્ફે મોટો રાવળના નિવેદન મુજબ,'' ક્રિકેટ મેચનો સટ્ટો રમાય ત્યારે ધંધા ઉપર ચાલતા મોબાઈલની બેટરીઓ ચાર્જ કરવાનું કામ હું સંભાળતો. આ પેઢીમાં ધર્મેન્દ્રસિંહ તથા ચીરાગ પરીખ ભાગીદાર તરીકે જોડાયેલ. પેઢીનું સંચાલન કીરણભાઈ તથા ગીરીશભાઈ કરતા હતા તેમજ બહારનો વહીવટ ધર્મેન્દ્રસિંહ અને ચીરાગ પરીખનાઓ કરતા હતા અને મેચો ચાલે ત્યારે અમારૂ નેટવર્ક ચાલતુ હોય ત્યાં કોઈક કોઈક વાર આવીને બેસતા હતા.

૨૨. સાહેદ નં.૬૮ શંભુપ્રસાદ ઉર્ફે લાલો લીંબાચીયાના નિવેદન મુજબ,'' આ પેઢી નું સંચાલન કીરણભાઈ તથા ગીરીશભાઈ કરતા હતા, બહારનો વહીવટ ધર્મેન્દ્રસિંહ અને ચીરાગ પરીખનાઓ કરતા હતા અને મેચો રમાય ત્યારે અમારૂ નેટવર્ક ચાલતુ હોય ત્યાં કોઈક કોઈક વાર આવીને બેસતા હતા.

૨૩. સાહેદ નં.૬૯ કાર્તિક દિનેશભાઈ શાહ પણ ઉપર મુજબની જ હકીકત નિવેદનમાં જણાવે છે.

૨૩.૧ આમ, પેઢીમાં કામ કરતા કર્મચારીઓના ઉપરોકત નિવેદનથી એટલી જ હકીકત નીકળી આવે છે કે હાલના બંને આરોપીઓ આ પેઢીનો બહારનો વહીવટ કરતા હતા અને કોઈક– કોઈકવાર આવીને બેસતા હતા. બહારના વહીવટમાં શું કરતા હતા તે પણ નિવેદનમાં જણાવતા નથી. આ સિવાયની કોઈ જ હકીકત આ આરોપીઓ સંબંધે કે આરોપીઓને ગુન્હા સાથે જોડતી હકીકત જણાવતા નથી. ટૂંકમાં આ સાહેદોના નિવેદનથી આ આરોપીઓએ સીમકાર્ડ મેળવવા માટે કોઈ ખોટા દસ્તાવેજો ઉભા કર્યા હોય કે ખોટી રીતે સીમ કાર્ડ મેળવી આ કર્મચારીઓને સટ્ટા બેટીંગના ઉપયોગમાં આપેલ હોય તેવી હકીકત નીકળી આવતી નથી. એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે હાલનો આ ગુન્હો સટ્ટા બેટીંગ અન્વયેનો નથી, માત્રને માત્ર છેતરપીંડી, ખોટા બોગસ ડોકયુમેન્ટ બનાવી સીમકાર્ડ મેળવવા સંબંધેનો છે અને જે ઉપરોકત સાહેદોના નિવેદન જોતાં આવી કોઈ હકીકત આ સાહેદોના નિવેદનથી નીકળી આવતી નથી. આમ સીમકાર્ડ મેળવવા સક્રિય ભાગ ભજવેલ તેવું નિવેદનો વાંચતા જણાતુ નથી.

૨૪. આ ફાર્મ હાઉસ ભાડે રાખનાર નાગજીભાઈનું નિવેદન સાહેદ નં.૭૧ થી નોંધાયેલ છે. આ સાહેદના નિવેદન મુજબ,''અમારા શેઠ મારૂતી અમદાવાદ નામની પેઢીના નામે ક્રિકેટ મેચનો સટ્ટો ચલાવતા હતા તેમની પેઢીમાં કીરણભાઈ, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તથા ચીરાગ પરીખ ભાગીદાર હોય તેમને ઓળખું છું તેમજ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ અને ચીરાગ પરીખ કોઈક વખત આવતા હતા. મારા મિત્ર જીતેશ શાહનું ફાર્મહાઉસવાળું મકાન ખાલી હોય તે મકાન જોવા હું કિરણભાઈ, ધર્મેન્દ્રસિંહ અને ચીરાગભાઈ વડોદરા આવેલા અને જીતેશભાઈનું મકાન જોઈ મારા નામે મકાનનો ભાડા કરાર કરી મકાન રૂા.પચ્ચીસ હજારમાં ભાડે રાખેલ.

૨૫. આમ, સાહેદ નાગજીભાઈ રબારી કે જેઓ આરોપી ગીરીશ ઉર્ફે ટોમીભાઈના ડ્રાઈવર છે તેમનું આ નિવેદન જોતાં આ ફાર્મહાઉસ ભાડે રાખ્યુ ત્યારે હાલના આ બંને આરોપીઓ હાજર હતા અને કોઈક કોઈક વાર આવતા જતા હતા. આ સાહેદના નિવેદનમાં એવું પણ નીકળી આવે છે કે ક્રિકેટ મેચ સટ્ટાનો આખો વહીવટ મારા શેઠ ગીરીશ ઉર્ફે ટોમી અને કીરણ માલા સંભાળતા હતા. આમ આ નિવેદન મુજબ ક્રિકેટ સટ્ટા બેટીંગનો સમગ્ર વ્યવહાર ગીરીશભાઈ અને કીરણભાઈ સંભાળતા હતા અર્થાત હાલના આરોપીઓ સટ્ટા બેટીંગનો વ્યવહાર સંભાળતા હોય તેવું આ સાહેદનું નિવેદન નથી.

૨૬. ફરીયાદ પક્ષ તરફથી ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના અધિકારીઓ કે જે સાહેદ નં.૭૨ થી ૭૫ સુધીના છે, તેઓના નિવેદન ઉપર ફરીયાદ પક્ષ દ્વારા ઘણો જ આધાર રાખવામાં આવેલ છે. તે પૈકી સાહેદ નં.૭૨ શ્રી રવિન્દ્ર વિઠૃલ કેની નું નિવેદન અંગ્રેજીમાં થયેલ છે કે જે મુજબ તા.૧૯/૦૩/૨૦૧૫ નારોજ એફ.આઈ.આર. નં.૨૨૨/૧૫ ગેમ્બલીંગ એકટની કલમ-૪,૫ મુજબ નોંધાયેલ છે, ફર્સ્ટ ગુ. ર. નં.૧૮૫/૧૫, ઈ.પી.કો.કલમ-૪૧૮,૪૧૯,૪૨૦,૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી) મુજબ કિશનવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. અમોને એવી માહિતી હતી કે શ્રી ગીરીશ પટેલ અને કીરણ માલા અને બીજાઓ સાથે ક્રિકેટનું હવાલા રેકેટ ચલાવે છે. આ આધારે જોઈન્ટ ડીરેકટરે સર્ચ વોરંટ કાઢેલ અને અમે બધાજ સર્ચ વોરંટના આધારે રેઈડ કરેલી. અને આ નિવેદન માં જે વસ્તુઓ કબજે કરેલ તેનો ઉલ્લેખ કરેલો છે, તેમજ ભાડા

કરાર કબજે કરેલ તેનો ઉલ્લેખ પણ નિવેદનમાં કરેલ છે તેમજ નિવેદન એવું પણ છે કે મે ગીરીશભાઈ પટેલ અને કીરણભાઈ માલાને ફેમા એકટની કલમ–૩૭ મુજબનો સમન્સ અમદાવાદ ખાતેની ઓફીસમાં હાજર રહેવાનો આપેલ અને આ સમન્સના આધારે બંને તથા બીજા કેટલાક માણસો પોતાની સ્વેચ્છાએ અમારી ઓફીસે હાજર રહેલા. હકીકતમાં અમે ગીરીશભાઈ અને કીરણભાઈ આ બે વ્યકિતઓને જ બોલાવેલ હતા.

૨૭. આમ, આટલી જ હકીકત આ નિવેદન થી નીકળી આવે છે. ટૂંકમાં આરોપી નં.૩,૪નાઓ સ્થળ ઉપર હાજર હતા તેવી હકીકત પણ આ અધિકારીઓ જણાવતા નથી.

૨૮. આ મુજબનું જ નિવેદન સાહેદ નં.૭૪ શ્રી દીપેન્દ્રકુમાર અગ્રવાલનું છે કે જેઓ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટમાં આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા હતા, તેવું જ નિવેદન સાહેદ નં.૭૫ અંકુર તિવારીનું છે કે જેઓ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા. આ ત્રણેય સાહેદોના નિવેદન અંગ્રેજીમાં જ છે જેનું મેં ઉપર મુજબનું ભાષાંતર કરેલ છે.

૨૯. ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના અન્ય અધિકારી સાહેદ નં.૭૩ સંજયકુમાર પ્રસાદ કે જેઓ ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટમાં પ્રવર્તમાન અધિકારી તરીકે ફરજ બજાવે છે. તેમના નિવેદનમાંથી એટલું જ નીકળી આવે છે કે અમો અધિકારીઓએ પંચો સાથે રેઈડ કરેલી, વોરંટ બતાવેલું, મકાન સર્ચ કરેલું, ભાડા કરાર રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપરવાળો મળી આવેલ. રેઈડ વખત ૧૫ વ્યકિતઓ હાજર હતા, તેઓના નામ આર.વી. કેનીએ દર્શાવેલ છે. ઉપરોકત ઈસમોમાંથી ગીરીશભાઈ ઉર્ફે ટોમી પટેલ અને કિરણકુમાર જયંતિલાલ માલાને ફેમા એકટની કલમ–૩૭ મુજબની અમારી ઓફીસમાં હાજર રહેવા લેખિતમાં સમન્સ આપેલ. પરંતુ તેમની સાથે કે જેઓ તેમના એમ્પ્લોઈ હોય તેઓ તેમની સ્વખુશીથી આવેલા.

૩૦. આમ, આ સાહેદોના નિવેદનથી પણ આરોપી નં.૩ અને ૪ વિરૂધ્ધની કોઈ હકીકત નીકળી આવતી નથી. માત્ર રેઈડ કરેલાની હકીકત પંચનામાની રૂઈએ ઈલકટ્રોનિક ડીવાઈસ કબજે કરેલાની હકીકત, ભાડા કરાર કબજે કરેલાની હકીકત અને આ ગુન્હાના આરોપી નં.૧ અને ૨નાઓને

ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટની ઓફીસે હાજર રહેવા સમન્સ કરેલાની હકીકત નીકળી આવે છે. આમ, ઈન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટના ઉપરોકત ચારેય સાહેદો કે જેઓ સ્વતંત્ર સાહેદ છે અને જે સાહેદોના નિવેદન ઉપર ફરીયાદ પક્ષ આધાર રાખે છે, આ સાહેદોના નિવેદન ઉપરથી આ આરોપીઓને આ ગુન્હા સાથે સાંકળતી કોઈ જ હકીકત નીકળી આવતી નથી. આરોપી ધર્મેન્દ્રસિંહ અને આરોપી ચીરાગ પરીખ રેઈડ દરમ્યાન હાજર હોય તે હકીકત પણ આ સાહેદોના નિવેદનથી નીકળી આવતી નથી. ઉપરાંત આ સાહેદો નિવેદનોમાં ફકત ગીરીશભાઈ પટેલ અને કિરણ માલાના નામ જણાવે છે. જેથી અરજદાર પક્ષ તરફથી સાચી રીતે જ એવી દલીલ થયેલ કે ઈ.ડી. રેઈડ દરમ્યાન હાજર ન હતા.

૩૧. આ ઉપરાંત ફરીયાદ પક્ષ તરફથી આપેલ જવાબના પેરા–પ માં જે સાહેદોના નિવેદનો જણાવવામાં આવેલ છે તે સાહેદોના નિવેદન જોઈએ તો સાહેદ નં.૪૦ પુષ્પાબેન જયપ્રકાશ ગુપ્તાના નિવેદન મુજબ,'' મોબાઈલ ફોનના એપ્લીકશન ફોર્મમાં સહી મારી નથી અને મારા નામે સીમકાર્ડ ખરીદયું છે તે બાબતે હું કાંઈ જાણતી નથી. આ સાહેદ કોઈપણ આરોપીનું નામ આપતા નથી. તેમના દીકરા સતીષભાઈ ગુપ્તાનું નિવેદન સાહેદ નં.૪૧ થી થયેલ છે. તેઓ પણ કોઈપણ આરોપીનું નામ પોતાના નિવેદનમાં આપતા નથી.

૩ર. ફરીયાદ પક્ષ તરફથી સાહેદ નં.૪ર હરીશભાઈ તારપરાના નિવેદન ઉપર ભાર મુકવામાં આવેલ છે. આ સાહેદના તા.ર૭/૦૩/ર૦૧પ ના નિવેદન મુજબ કુલ ૧૧ સીમ કાર્ડ કબજે કરેલ હતા તે તેમણે પોતાના નામે ખરીદ કરી મિત્ર હર્ષદભાઈ માલાને આપેલા ત્યારે ચીરાગભાઈ હાજર હતા. અરજી ફોર્મમાં અને ડોકયુમેન્ટમાં મારી સહી છે અને આ મોબાઈલ બીલ હર્ષદભાઈ ભરતા હતા. આમ, આ નિવેદન મુજબ કોઈપણ આરોપીએ ખોટી સહી કરી હોય તેવું તેમનું નિવેદન નથી. આ સાહેદે પોતાના નામે જ આ ૧૧ સીમ કાર્ડ ખરીદેલા છે. હર્ષદભાઈ માલાને આપેલા ત્યારે ચીરાગભાઈ હાજર હતા. આ સિવાયની કોઈ હકીકત નિવેદનમાંથી નીકળી આવતી નથી. આ સાહેદનું બીજુ નિવેદન તા.ર૮/૦૩/ર૦૧પ નારોજ થયેલ છે તેમાં ૩ સીમ કાર્ડનો ઉલ્લેખ છે જે મારા નામે ખરીદ કરેલ અને આ સીમ કાર્ડ હર્ષદભાઈના કહેવાથી ધર્મિનને આપેલા. આ નિવેદન જોતાં ધર્મિનભાઈને સીમ કાર્ડ આપેલાની હકીકત નીકળી આવે છે.

પરંતુ સીમ કાર્ડ મેળવવા માટેના એપ્લીકેશન ફોર્મ કે અન્ય ડોકયુમેન્ટ ઉપર આ સાહેદે પોતાની જ સહી હોવાનું અને પોતાના જ નામે ખરીદ કર્યાનો સ્વીકાર કર્યો છે ત્યારે ખોટા દસ્તાવેજો બનાવી સીમ કાર્ડ મેળવ્યા હોય તેવું કહી શકાય તેમ નથી.

૩૩. સાહેદ નં.૪૩ બીપીનભાઈ ચૌહાણના નિવેદન મુજબ, ''રીલાયન્સ કંપનીનું સીમ કાર્ડ મેં ખરીદયું નથી. હું ગીરીશભાઈ પટેલ કે કિરણભાઈને ઓળખતો નથી કે મેં કોઈને કાર્ડ અપાવ્યું નથી. આમ, આ નિવેદનથી પણ અરજદારને સાંકળતી કોઈ વિગત નીકળી આવતી નથી. સાહેદ નં.૪૪ રાજેશકુમાર પટેલના નિવેદનથી ગીરીશભાઈ ઉર્ફે ટોમીને પોતાનું સીમ કાર્ડ અને રેશન કાર્ડ આપેલું અને તેમણે ખોટી સહીઓ કરેલ છે તે હકીકત નીકળી આવે છે. આ સાહેદના કુલ બે નિવેદન થયેલ છે પરંતુ આ અરજદાર વિરૂઘ્ધની કોઈ હકીકત જણાવતા નથી. સાહેદ નં.૪૫ રામજીભાઈ વર્માના નિવેદન મુજબ સીમ કાર્ડ ખરીદવાના ફોર્મ તથા આઈ.ડી.પ્રૂફ ઉપર મારી સહી નથી અને હું ગીરીશભાઈ, કિરણ માલા, ધર્મિન ચૌહાણ કે ચીરાગ પટેલને ઓળખતો નથી. આમ, આ સાહેદ કોઈપણ આરોપીને ઓળખતા નથી કે કોઈના નામ જણાવતા નથી.

૩૪. સાહેદ નં.૪૬ સુરેશભાઈ રમણભાઈ પટેલના નિવેદન મુજબ,'' મે સીમ કાર્ડ ખરીદયા પછી ગીરીશભાઈને સીમ કાર્ડ આપેલા છે અને ફોર્મ ઉપરની પોતાની સહીનો સ્વીકાર કર્યો છે. ટૂંકમાં ખોટી સહી કરી હોય તેવું નિવેદન નથી અને કાર્ડ ખરીદીને ગીરીશભાઈને આપેલાનો ઉલ્લેખ છે. આમ, અરજદાર વિરૂઘ્ધનું આ નિવેદન નથી. સાહેદ નં.૪૮ શાંતાબેનના નિવેદન મુજબ ફોર્મ ઉપર પોતે સહી કરેલ છે તેનો સ્વીકાર કરેલ છે.સાહેદ નં.૫૦ સંજયકુમાર પ્રજાપતિના નિવેદન મુજબ ફોર્મ ઉપર કોઈકે સહી કરેલી છે અને હું ગીરીશભાઈને ઓળખતો નથી. આમ આ બંને નિવેદનો થી અરજદારો વિરૂઘ્ધની કોઈ હકીકત નીકળી આવતી નથી. સાહેદ નં.૫૦ નિરંજનકુમાર ચૌહાણના નિવેદન મુજબ પ્રિપેઈડ એપ્લીકેશન ફોર્મમાં ફોટો મારો છે, વિગતો મારી છે, પરંતુ કોઈક વ્યકિતએ આ સીમ કાર્ડ મેળવી તેનો ઉપયોગ કરેલ છે. હું કોઈને જાણતો નથી. આમ, આ સાહેદોના નિવેદનથી અરજદારો વિરૂઘ્ધની કોઈ હકીકત નીકળી આવતી નથી.

સાહેદ નં.પર હીરો ચંદુમલના નિવેદન મુજબ આરોપીઓ સાથે મારે કોઈ સંપર્ક નથી કે હું તેમને ઓળખતો નથી કે મોબાઈલ સીમકાર્ડ મેં ખરીદેલા નથી. આમ, આ સાહેદનું નિવેદન પણ કોઈપણ આરોપીને ગુન્હા સાથે સાંકળતું નથી.

૩૫. સાહેદ નં.પપ પ્રહલાદભાઈ પ્રજાપતિના નિવેદન મુજબ, '' ટાટા ડોકોમો કંપનીમાં પ્રીપેઈડ એપ્લીકેશન ફોર્મમાં મારું નામ સરનામુ છે, ચૂંટણી કાર્ડમાં મારૂ છે, સહી મારી નથી. ક્રિકેટ બુકી ગીરીશભાઈ પટેલ કે કિરણ માલાને ઓળખતો નથી. આમ ખોટી સહી છે તેવું જણાવે છે પરંતુ આ કામના આરોપી નં.૧, ર નાઓને ઓળખતા નથી તેવું જણાવે છે, અર્થાત હાલના અરજદારોને આ ગુન્હામાં જોડતુ તેમનું નિવેદન નથી. સાહેદ નં. ૫૮ બિપીનકુમારના નિવેદન મુજબ,''સીમ કાર્ડના એપ્લીકેશનમાં મારી સહી નથી, આ સીમ કાર્ડ મેં લીધેલ નથી.'' આ સાહેદ કોઈનું પણ નામ જણાવતા નથી.

૩૬. સાહેદ નં.૬૦ પ્રમોદભાઈના નિવેદન મુજબ,''સીમ કાર્ડ મેં ખરીદ્યું નથી કે એપ્લીકેશન ફોર્મ ઉપર કે ચુંટણી કાર્ડ ઉપર મારી સહી નથી. પરંતુ અગાઉ ગીરીશભાઈએ મારી પાસે ચુંટણી કાર્ડ મેળવેલ અને તેમણે આ સીમ કાર્ડ મેળવવા ઉપયોગ કર્યો હોય તેમ જણાય છે. ટૂંકમાં ગીરીશભાઈને સંડોવતુ નિવેદન છે. અરજદારોને સંડોવતુ નિવેદન નથી. સાહેદ નં.૬૧ દિપકભાઈ ગુપ્તાના નિવેદન મુજબ,''આ ઈસમ કિરણભાઈને ત્યાં નોકરી કરતા હતા, તેમણે ચાર સીમ કાર્ડ ખરીદેલા અને કિરણભાઈને આપેલા અને તેનું બીલ પણ કિરણભાઈ ભરતા હતા. આમ, આ સાહેદના નિવેદનથી ખોટા દસ્તાવેજી પુરાવા સીમકાર્ડ મેળવવા માટે ઉભા કર્યા હોય તેવું નીકળી આવતું નથી.

૩૭. સાહેદ નં.૬૩ નિખીલભાઈ શાહના નિવેદન મુજબ મે મારા નામે જે ચાર સીમ કાર્ડ ખરીદેલા અને અમારા શેઠને આપેલા, એપ્લીકેશન ફોર્મ ઉપર મારી સહી છે. આમ, આ નિવેદનથી પણ એપ્લીકેશન ફોર્મ ઉપરની પોતાની સહીનો સ્વીકાર કરતા હોય ત્યારે આ ગુન્હાના કોઈપણ આરોપીએ આ સીમકાર્ડ સંબંધે ખોટા દસ્તાવેજો ઉભા કર્યા હોય કે છેતરપીંડી કરી હોય તેવું કહી શકાય તેમ નથી.

૩૮. આમ, ઉપરોકત તમામ નિવેદનો જોતાં આ કામના અરજદારોએ

સીમ કાર્ડ ખરીદવા માટે ખોટા એપ્લીકેશન ફોર્મ ભર્યા હોય, ચુંટણી કાર્ડની ઝેરોક્ષ ઉપર સહી ખોટી કરી હોય કે કોઈપણ રીતે ખોટા બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા હોય તેવું નીકળી આવતું નથી. કેટલાક સાહેદોએ પોતે જ ખરીદીને આ કામના આરોપી નં.૧ ગીરીશભાઈ અને આરોપી નં.ર કીરણભાઈને સીમ કાર્ડ આપેલાના નિવેદન છે. આમ, આ નિવેદનથી આ કામના અરજદારોએ કોઈનીસાથે કોઈ રીતે છેતરપીંડી કરી હોય કે ખોટા બનાવટી દસ્તાવેજો સીમ કાર્ડ મેળવવા માટે ઉભા કર્યા હોય તેવું નીકળી આવતું નથી કે આવા બનાવટી દસ્તાવેજો બનાવવામાં સક્રિય ભાગ લીધો હોય કે આરોપી નં.૧,રને ખોટા બનાવટી દસ્તાવેજોમાં મદદગારી કરી હોય તેવું નીકળી આવતું નથી. આમ, ઉપરોકત તમામ સાહેદોના નિવેદનો જેમ છે તેમ જ વંચાણે લઈએ તો આ કામના અરજદારોને આ ગુન્હાઓ સાથે સાંકળતો સહેજ પણ પ્રથમ દર્શનીય પુરાવો નથી.

૩૯. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, વિગેરે મુજબના ગુન્હાનું ચાર્જશીટ થયેલ છે.

ઈ.પી.કો.કલમ–૪૨૦ના તત્વો આ પ્રમાણે છે.

(i) આરોપીએ ફરિયાદી સાથે ઠગાઈ કરી.

(ii) આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું.

(iii) આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યકિતને લલચાવીને કોઈ મિલકત કે વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી.

(iv) આરોપીએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણિકપણે લલચાવી.

ઈ.પી.કો.કલમ–૪૬૭ ની વ્યાખ્યા આ પ્રમાણે છે.

ઈ.પી.કો.ક.૪૬૭:**કીમતી જામીનગીરી, વસિયતનામું વગેરેનું કૂટલેખન:–**

કોઈપણ વ્યકિત, કોઈ કીમતી જામીનગીરી અથવા વસિયતનામું અથવા પુત્ર દત્તક લેવાનો અધિકારપત્ર હોવાનું જણાતુ હોય તેવો દસ્તાવેજ અથવા કોઈ કીમતી જામીનગીરી બનાવવાનો અથવા તેને તબદીલ કરવાનો અથવા મુદ્દલ રકમ, તેનું વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું જણાતુ હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળવાની પહોંચ અથવા પાવતી અથવા કોઈ વસ્તુ

કે કીંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનુ જણાતું હોય તેવા દસ્તાવેજની બનાવટ કરે તેને આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

આ વ્યાખ્યા સાથે ઈ.પી.કો.કલમ–૪૬૪ ખોટો દસ્તાવેજ બનાવવાનો, તે નજર સમક્ષ રાખીએ તો,

કૂટલેખન કર્યુ હોવાનું પુરવાર કરવા માટે દસ્તાવેજ ખોટો હોવો જોઈએ, તેવો દસ્તાવેજ અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક કરવામાં આવ્યું હોવું જોઈએ.

આ વ્યાખ્યા નજર સમક્ષ રાખતા, ઉપરોકત નિવેદનો જોતાં આ કામના અરજદારોએ કોઈની પણ પાસેથી સીમકાર્ડ મેળવવા માટે એપ્લીકેશન ફોર્મ ઉપર પોતે સહી કરી હોય, ચુંટણી કાર્ડ ઉપર પોતે સહી કરી હોય અથવા તો અપ્રમાણિકપણે ઠગાઈના હેતુથી કોઈને પણ છેતરીને તેમનું ચુંટણી કાર્ડ આપવા, ફોટા આપવા કોઈ લોભ લાલચ આપી હોય આવી કોઈ જ હકીકત ઉપરોકત નિવેદનોથી નીકળી આવતી નથી. અરજદાર પક્ષ તરફથી એવી દલીલ થયેલી કે સીમકાર્ડ મેળવવા માટે મે કોઈને રીપ્રેઝન્ટ કર્યુ હોય, અપ્રમાણિકપણે ખોટી રીતે કાંઈ મેળવ્યુ હોય તેવું કોઈપણ સાહેદનું નિવેદન નથી. આ દલીલ ઉપરોકત નિવેદનો જોતાં આ અદાલત સ્વીકારે છે. ટૂંકમાં ઈ.પી.કો.કલમ–૪૨૦, ૪૬૭, ૪૬૪, ૪૧૫ ના કોઈ જ તત્વો સંતોષાતા નથી. આ અરજદારોએ ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવું પણ કોઈના નિવેદનથી નીકળી આવતું નથી કે ઠગાઈ માટે કૂટલેખન કર્યુ હોય તેવી હકીકત પણ નીકળી આવતી નથી.આમ, ઈ.પી.કો.કલમ–૪૬૭,૪૭૧ના તત્વો ફલિત થતા નથી.

૪૦. ચીટીંગ અને ફોર્જરીના મુદ્દા ઉપર અરજદાર પક્ષ તરફથી ઘણા બધા ચુકાદાઓ રજુ થયેલા છે. જેમાં મુખ્યત્વે આ પ્રમાણે છે.

(1) **<u>2009) 6 Supreme Court Cases 77, </u> S.V.L. MURTHY V/s STATE REPRESENTED BY CBI, HYDERABAD**

**Para 41:-** An offence of cheating cannot be said to have been made out unless the following ingredients are satisfied :

"I) deception of a person either by making a false or misleading representation or by other action or omission;

(ii) fraudulently or dishonestly inducing any person to deliver any property; or

(iii) to consent that any person shall retain any property and finally intentionally inducing that person to do or omit to do anything which he would not do or omit."

For the purpose of constituting an offence of cheating, the complainant is required to show that the accused had fraudulent or dishonest intention at the time of making promise or representation. Even in a case where allegations are made in regard to failure on the part of the accused to keep his promise, in absence of a culpable intention at the time of making initial promise being absent, no offence under Section 420 of the Indian Penal Code can be said to have been made out.

**Para 42:-** We may reiterate that one of the ingredients of cheating as defined in Section 415 of the Indian Penal Code is existence of an intention of making initial promise or existence thereof from the very beginning of formation of contract.

**(2) <u>(2009) 8 Supreme Court Cases 751,</u> MOHAMMED IBRAHIM AND OTHERS V/s STATE OF BHIHAR AND ANOTHER**

**Para 14 :-** An analysis of section 464 of Penal Code shows that it divides false documents into three categories:

*1.* The first is where a person dishonestly or fraudulently makes or executes a document with the intention of causing it to be believed that such document was made or executed by some other person, or by the authority of some other person, by whom or by whose authority he knows it was not made or executed.

*2.* The second is where a person dishonestly or fraudulently, by cancellation or otherwise, alters a document in any material part, without lawful authority, after it has been made or executed by either himself or any other person.

*3.* The third is where a person dishonestly or fraudulently causes any person to sign, execute or alter a document knowing that such person could not by reason of (a) unsoundness of mind; or (b) intoxication; or (c) deception practised upon him, know the contents of the document or the nature of the alteration.

In short, a person is said to have made a “false document”, if (i) he made or executed a document claiming to be someone else or authorised by someone else; or (ii) he altered or tampered a document; or (iii) he obtained a document by practicing deception, or from a person not in control of his senses.

**Para 17:-** When a document is executed by a person claiming a property which is not his, he is not claiming that he is someone else nor is he claiming that he is authorised by someone else. Therefore, execution of such document (purporting to convey some property of which he is not the owner) is not execution of a false document as defined under Section 464 of the Code. If what is executed is not a false document, there is no forgery. If there is no forgery, then neither section 467 nor section 471 of the Code are attracted.

**Para 19:-** To constitute an offence under section 420, there should not only be cheating, but as a consequence of such cheating, the accused should have dishonestly induced the person deceived

(i) to deliver any property to any person, or

(ii) to make, alter or destroy wholly or in part a valuable security (or anything signed or sealed and which is capable of being converted into a valuable security).

૪૧. આમ, ઉપરોકત નિવેદનો તેમજ વિ.વ.શ્રીએ રજુ કરેલ કેસ લૉ કન્સીડર કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવેલ સિધ્ધાંતો અનુસરતાં અને અરજદારો વતી કરેલ રજુઆત અને ફરીયાદ પક્ષ ધ્વારા થયેલ રજુઆત અનુસાર ચીટીંગ અને ફોર્જરીની કાર્યવાહી માટે અરજદારો વિરૂધ્ધ કાર્યવાહી કરવા ''પૂરતુ કારણ'' (સફીશીયન્ટ ગ્રાઉન્ડ) ફરીયાદ પક્ષ બતાવી શકતા નથી. સીમકાર્ડ મેળવવા માટે અરજદારો ધ્વારા અપ્રામાણિકપણે કોઈને પણ રજુઆત કરવામાં આવેલ હોય તેવુ કોઈ સાહેદનું નિવેદન નથી, કે જે સાહેદોના નામ પ્રોસીકયુશન તરફે પોતાની એફીડેવીટમાં જે તે સાહેદોના નંબરથી બતાવેલ છે. કોઈપણ સાહેદોનું નિવેદન એવું પણ સૂચવતું નથી કે અરજદારોએ ઈરાદાપૂર્વક છેતરવાના ઈરાદાથી લલચાવીને સીમકાર્ડ અથવા સીમ કાર્ડ મેળવવા માટે દસ્તાવેજો મેળવ્યા હોય. ચાર્જશીટ પેપર્સ જોતાં અરજદારોએ ફોર્જ ડોકયુમેન્ટ બતાવ્યા હોય તેવું પણ નથી. ઉપરાંત ઈ.ડી.ના ઓફીસરોના નિવેદન ઉપર ફરીયાદ પક્ષ ધ્વારા આધાર રાખવામાં આવ્યો છે. આ ઈ.ડી.ના ઓફીસરોના નિવેદનમાં અરજદારના નામ પણ નથી અથવા તો અરજદારો વિરૂધ્ધના આક્ષેપો

પણ નથી. કોઈપણ કૃત્ય કર્યા વગર ફકત હાજરીથી ચીટીંગ અને ફોર્જરીના ગુન્હા માટે અરજદારો વિરૂધ્ધ પ્રોસીડીંગ કરી શકાય નહિ, કોઈ ઓવર એકટ અરજદારોએ કર્યુ છે તેમ પણ ફરીયાદ પક્ષ બતાવી શકયા નથી. અરજદારોએ સીમ કાર્ડ મેળવવા માટે કોઈ દસ્તાવેજ ઉપર સહી કરી હોય તેમ ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર બતાવી શકતા નથી અથવા સીમ કાર્ડ મેળવવા માટે કોઈના પણ ડોકયુમેન્ટનો ઉપયોગ કર્યો હોય, તેથી અરજદારો વિરૂધ્ધ ચીટીંગ/ફોર્જરીના ગુન્હા માટે આગળની કાર્યવાહી કરવા માટે સફીશીયન્ટ ગ્રાઉન્ડ છે તેમ ફરીયાદ પક્ષ બતાવી શકતા નથી.

૪૨. આ કામમાં ઈ.પી.કો.કલમ-૧૨૦(બી) નો પણ આક્ષેપ છે. આ અંગેની વ્યાખ્યા નજર સમક્ષ રાખતા,

ઈ.પી.કો.ક.૧૨૦(ક): **ગુન્હાહિત કાવતરું ની વ્યાખ્યા:-**

બે કે વધુ વ્યકિત --

(૧) કોઈ ગેરકાનૂની કૃત્ય અથવા

(૨) ગેરકાનૂની ન હોય તેવું કૃત્ય ગેરકાનૂની સાધનો ધ્વારા કરવા કે કરાવવા સહમત થાય ત્યારે તેવી સહમતિને ગુન્હાહિત કાવતરું કહેવામાં આવે છે.

આ વ્યાખ્યા નજર સમક્ષ રાખીએ તો મીટીંગ ઓફ માઈન્ડ અને એગ્રીમેન્ટ એ અગત્યની વસ્તુ છે. આ મુદ્દા ઉપર અરજદારના વિ.વ.શ્રીએ રજુ કરેલ ચુકાદાઓ કે જે આ પ્રમાણે છે.

**(1) <u>(1993) 3 Supreme Court Cases 609,</u> AJAY AGGARWAL V/s. UNION OF INDIA AND OTHERS**

**Para 10:-** In *Mohammed Usman Mohammad Hussain Manivar & Anr. v. State of Maharashtra*, it was held that for an offence under section 120B IPC, the prosecution need not necessarily prove that the conspirators expressly agreed to do or cause to be done the illegal act. the agreement may be proved by necessary implication. In *Noor Mohammed Yusuf Momin v. State of Maharashtra*, it was held that Section 120-B IPC makes the criminal conspiracy as a substantive offence which offence postulates an agreement between two or more persons to do or cause to be done an act by illegal means. If the offence itself is to

commit an offence, no further steps are needed to be proved to carry the agreement into effect. *In R. K. Dalmia & Anr. v. The Delhi Administration*, it was further held that it is not necessary that each member of a conspiracy must know all the details of the conspiracy. In *Shivanarayan Laxminarayan & Ors. State of Mahrashtra*, this Court emphasized that a conspiracy is always hatched in secrecy and it is impossible to adduce direct evidence of the same. The offence can be only proved largely from the inferences drawn from acts or illegal omission committed by the conspirators in pursuance of a common design.

**<u>(2) (2003) 5 Supreme Court Cases 257,</u> HIRA LAL HARI LAL BHAGWATI V/s. CBI, NEW DELHI**

**Para 32 :-** To bring home the charge of conspiracy within the ambit of Section 120-B of Indian Penal Code, it is necessary to establish that there was an agreement between the parties for doing an unlawful Act. It is difficult to establish conspiracy by direct evidence.

**<u>(3)(2017) 15 Supreme Court Cases 560,</u> STATE THROUGH CENTRAL BUREAU OF INVESTIGATION V/s. DR ANUP KUMAR SRIVASTAVA**

**Para 27:-** At this stage, it would be appropriate to quote a decision of this Court in CBI vs. K. Narayana Rao wherein it was held as under:-

“24. The ingredients of the offence of criminal conspiracy are that there should be an agreement between the persons who are alleged to conspire and the said agreement should be for doing of an illegal act or for doing, by illegal means, an act which by itself may not be illegal. In other words, the essence of criminal conspiracy is an agreement to do an illegal act and such an agreement can be proved either by direct evidence or by circumstantial evidence or by both and in a matter of common experience that direct evidence to prove conspiracy is rarely available. Accordingly, the circumstances proved before and after the occurrence have to be considered to decide about the complicity of the accused. Even if some acts are proved to have been committed, it must be clear that they

were so committed in pursuance of an agreement made between the accused persons who were parties to the alleged conspiracy. Inferences from such proved circumstances regarding the guilt may be drawn only when such circumstances are incapable of any other reasonable explanation. In other words, an offence of conspiracy cannot be deemed to have been established on mere suspicion and surmises or inference which are not supported by cogent and acceptable evidence."

૪૩. ઉપરોકત સિધ્ધાંત અને નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જે રેશીયો જણાવેલ છે તે કન્સીડર કરતાં ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર એવું બતાવી શકતા નથી કે કોઈ એગ્રીમેન્ટ થયુ હોય અથવા આરોપીઓ વચ્ચે જુદીજુદી વ્યકિતઓ પાસ ેથી સીમકાર્ડ મેળવવા માટે, ગેરકાયદેસર કૃત્ય કરવા માટે મીટીંગ ઓફ માઈન્ડ હોય, કે બનાવટી દસ્તાવેજી મેળવવા કોઈ બનાવટી દસ્તાવેજો ઉભા કરવા ડીસઓનેસ્ટ ઈન્ટેન્શન હોય કે છેતરતી કોઈ હકીકત જણાવવામાં આવી હોય. ચીટીંગ અને ફોર્જરી કરવાના ભાગ રૂપે અરજદારો ગુન્હાહિત કાવતરાનો ભાગ હોય તેવા દસ્તાવેજો નથી કે કોઈપણ સાહેદનું નિવેદન નથી. બીજા શબ્દોમાં કહીએ તો અરજદારો ગેરકાયદેસર કૃત્યમાં પાર્ટી થયા હોય કે તેના માટે કોઈ રોલ ભજવ્યો હોય તેમ નથી.

૪૪. મૌખિક રીતે મારૂતી અમદાવાદ નામની પેઢીનું અસ્તિત્વ હતુ તેવુ માનવામાં આવે તો પણ અરજદાર પરોક્ષ/સંયુકત જવાબદાર છે (વિકારીયસ લાયેબલ) તેમ ઠરાવી શકાય નહિ. મારૂતી અમદાવાદને આરોપી તરીકે ફરીયાદ પક્ષ ધ્વારા જોડવામાં આવેલ નથી, એટલેકે મારૂતી અમદાવાદને આરોપી તરીકે બનાવેલ નથી. ફરીયાદ પક્ષ ધ્વારા કોઈપણ ડોકયુમેન્ટ રજુ થયુ નથી કે જે એવું સૂચવતું હોય કે મારૂતી અમદાવાદના ભાગીદાર તરીકે કે પેઢી વતી અરજદારોએ કોઈ વ્યવહાર કર્યો હોય, તેટલું જ નહિ. ''મારૂતી અમદાવાદ'' નું અસ્તિત્વ પ્રથમ દર્શનીય રીતે પણ ફરીયાદ પક્ષ બતાવી શકતા નથી. તે સ્થાપિત થયેલ છે કે ક્રિમીનલ વિધીશાસ્ત્રમાં વિકારીયસ લાયેબલ છે જ નહિ.

૪૫. વિકારીયસ લાયેબીલીટીનો સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટના શ્યામસુંદર વિ. સ્ટેટ ઓફ હરિયાણા, (૧૯૮૯) ૪ એસસીસી ૬૩૦ માં ઠરાવેલ

છે જે આ પ્રમાણે છે.

9. But we are concerned with a criminal liability under penal provision and not a civil liability. The penal provision must be strictly construed in the first place. Secondly, there is no vicarious liability in criminal law unless the statute takes that also within its fold. Section 10 does not provide for such liability. It does not make all the partners liable for the offence whether they do business or not.

ઉપરાંત વિ.વ.શ્રીએ નીચે મુજબના ચૂકાદા પણ રજુ કરેલ છે.

**In R. Kalyani vs Janak C. Mehta and Others, (2009) 1 SCC page 516**

Para 34

34. Yet again, in Radhey Shyam Khemka vs State of Bihar, (1993) 3 SCC 54, the law has been laid down by this Court, thus : (SCC pp. 58-59 para 6)

6. But, at the same time, while taking cognizance of alleged offences in connection with the registration, issuance of prospectus, collection of moneys from the investors and the misappropriation of the fund collected from the share-holders which constitute one offence or other under the Penal Code, court must be satisfied that prima facie and offence under the Penal Code has been disclosed on the materials produced before the court. If the screening on this question is not done properly at the stage of initiation of the criminal proceeding, in many cases, some disgruntled share-holders may launch prosecutions against the promotors, directors and those in charge of the management of the company concerned and can paralyse the functioning of such company. It need not be impressed that for prosecution for offences under the Penal Code the complainant has to make out a prima fade case against the individuals concerned, regarding their acts and omissions which constitute the different ingredients of the offences under the Penal Code. It cannot be overlooked that there is a basic difference between the offences under the Penal Code and acts and omissions which

have been made punishable under different Acts and statutes which are in nature of social welfare legislations. For framing charges in respect of those acts and omissions, in many cases, mens rea is not an essential ingredient; the concerned statue imposes a duty on those who are in charge of the management, to follow the statutory provisions and once there is a breach or contravention, such persons become liable to be punished. But for framing a charge for an offence under the Penal Code, the traditional rule of existence of mens rea is to be followed."

**In the case of HDFC Securities Ltd Vs State of Maharashtra, (2017) 1 SCC 640,**

21. In Thermax Limited & Ors. Vs. K. M. Johny & Ors., (2011) 13 SCC 412 at para 39, this Court held:

"39. Apart from the fact that the complaint lacks necessary ingredients of Sections 405, 406, 420 read with Section 34 IPC, it is to be noted that the concept of `vicarious liability' is unknown to criminal law. As observed earlier, there is no specific allegation made against any person but the members of the Board and senior executives are joined as the persons looking after the management and business of the appellant Company."

**Para 23**

23. In Sharad Kumar Sanghi vs Sangita Rane, (2015) 12 SCC 781, it is noted by this Court:

"9. The allegations which find place against the Managing Director in his personal capacity seem to be absolutely vague. When a complainant intends to rope in a Managing Director or any officer of a company, it is essential to make requisite allegation to constitute the vicarious liability.

**Sushil Sethi and Another Vs State of Arunachal Pradesh and Another (2020) 3 SCC 240 held in para 6 that,**

6. Considering the averments and the allegations in the FIR

and even the chargesheet the main allegations are that the company, namely, M/s SPML Infra Limited supplied sub–standard materials runner bucket turbines and the supplied runner bucket turbines were not as per the technical specifications. It is also required to be noted that there is no FIR/complaint/chargesheet against the company M/s SPML Infra Limited and the appellants are arrayed as an accused as Managing Director and Director of M/s SPML Infra Limited respectively. From a bare reading of the FIR and even the chargesheet, there are no allegations that there was a fraudulent and dishonest intention to cheat the government from the very beginning of the transaction. Even there are no specific allegations and averments in the FIR/chargesheet that the appellants were in–charge of administration and management of the company and thereby vicariously liable. In light of the aforesaid, the prayer of the appellants to quash the criminal proceedings against the appellants for the offence under Section 420 IPC is required to be considered.

૪૬. આમ, ઉપરોકત ચૂકાદાઓ જોતાં તેમાં ઠરાવેલ સિધ્ધાંતો અને કરેલ ઓબ્ઝર્વેશન ધ્યાને રાખતા અરજદારોને મારૂતી અમદાવાદના કૃત્ય બદલ વિકારીયસ લાયેબલ ઠરાવી શકાય નહિ. ગુન્હાહિત ઈરાદા સાથે અરજદારોના એકટીવ રોલ સિવાય મારૂતી અમદાવાદના ભાગીદાર તરીકે જવાબદાર ઠરાવી શકાય નહિ. ઉપરાંત અરજદારોને મારૂતી અમદાવાદના ડે ટુ ડે વ્યવહારોનું નોલેજ છે તેમ ફરીયાદ પક્ષ બતાવી શકયા નથી, અને રજુ કરેલ ચુકાદાઓનો લાભ અરજદાર પક્ષને અવશ્ય મળે તેમજ ૫% ના ભાગીદાર હતા તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ બતાવી શકતા નથી. મારૂતી અમદાવાદની પાર્ટનરશીપ હતી તેવો પણ પુરાવો નથી તેમજ મારૂતી અમદાવાદ સાથે અરજદારોએ નાણાંકીય વ્યવહાર કરેલ તેવું પણ બતાવી શકેલ નથી. અમુક પ્રસંગોએ આરોપીઓ હાજર છે તે સિવાયનું કોઈ જ એલીગેશન સાહેદોના નિવેદનોથી નીકળી આવતું નથી.

૪૭. ફરીથી પુનરાવર્તનના ભોગે સી.આર.પી.સી. કલમ–૨૨૭ હેઠળની ચર્ચા જોઈએ તો ''નિરંજન સિંઘના કિસ્સામાં સર્વોચ્ચ અદાલતે આ કલમની

રચના પાછળ રહેલા હેતુની ચર્ચા કરી છે. આરોપીની સામે તહોમતનામું ઘડવા માટે પૂરતું કારણ નથી તેમ અદાલતને જણાય ત્યારે તહોમતદારને બિનતહોમતે મુકત કરવાની સત્તા અદાલતને આપવામાં આવી છે. જાહેર સમયનો દુર્વ્યય ન થાય, નિવારી શકાય તેવો ખર્ચ બચે તથા આરોપી પ્રથમ તબકકે ઈન્સાફી કાર્યવાહીનો બિનજરૂરી સામનો કરવાના માનસિક તાણમાંથી મુકત થાય તે હેતુ આ કલમ ઘડવા પાછળ રહેલો છે.'' આમ અદાલતને એવું જણાય કે તહોમતનામુ ઘડવા પૂરતા કારણ નથી તો અદાલત આરોપીને બિનતહોમત મુકત કરી શકે, એટલેકે કરવા જોઈએ. તહોમતનામુ ઘડવા માટે પૂરતા કારણ છે કે નહિ એટલે કે આરોપીઓની સામે પ્રથમ દર્શનીય પુરાવો છે કે નહિ તે જ બાબત વિચારવાની છે.

૪૮. આમ, ઉપર જોયું તેમ ગુન્હાહિત કાવતરાને લગતો કોઈ એવીડન્સ નથી કે ચીટીંગ કે ફોર્જરી કરેલ હોય તેવો પણ પુરાવો નથી, ફકત એટલો જ આક્ષેપ છે કે અરજદાર બહારના કાર્યોનું મેનેજ કરતા હતા. એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે આ આરોપીઓ કદાચ સટ્ટા બેટીંગમાં સંડોવાયા હોય તો પણ હાલના ગુન્હામાં કોઈને છેતરીને કે અપ્રમાણિકપણે લલચાવીને સીમ કાર્ડ મેળવ્યા હોય તેવી હકીકત રેકર્ડ ઉપર નથી. આ અરજદારોએ સીમ કાર્ડ મેળવવા માટે કોઈ ખોટા અને બનાવટી દસ્તાવેજો ઉભા કર્યા હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર નથી. કોઈના ડોકયુમેન્ટ સીમ કાર્ડ મેળવવા માટે વાપર્યા હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર નથી. ટૂંકમાં ચીટીંગ, ફોર્જરી કે કૂટલેખનના તત્વો આ અરજદાર વિરૂધ્ધ સંતોષાતા નથી. એ જ રીતે ઈ.પી.કો.કલમ–૧૨૦(બી)ના તત્વો પણ નીકળી આવતા નથી. આમ, અરજદારો વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી શકાય તેવું સફીશીયન્ટ ગ્રાઉન્ડ નથી.

૪૯. આમ, બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો, ચાર્જશીટ પેપર્સ, રજૂ કરેલ ચુકાદાઓ, તેમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો વંચાણમાં લઈ હું એવા તારણ ઉપર આવું છું કે આરોપીઓ વિરૂધ્ધ કરેલ આક્ષેપો માટે ચાર્જ ફ્રેમ કરવા માટેનું સફીશીયન્ટ ગ્રાઉન્ડ ફરીયાદ પક્ષ બતાવી શકતા નથી તથા આરોપીઓ વિરૂધ્ધનું તહોમત વજુદ વગરનું જણાય છે જેથી બંને આરોપીઓને બિનતહોમત મુકત કરવા જોઈએ, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આંક–૧૯ની અરજીના અરજદાર ચીરાગ હરેન્દ્રકુમાર પરીખ તથા આંક–૩૪ ની અરજીના અરજદાર ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધર્મિન વિશ્વનાથ ચૌહાણનાઓની હાલની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯/૨૨૭ હેઠળની ડીસ્ચાર્જની અરજી મંજુર કરવામાં આવે છે.

આ બંને આરોપીઓને સ્પે.સેશન્સ કેસ નં.૧૪૦/૨૦૨૦ (જુનો કેસ નંબર–૩૨૧૯૯/૨૦૧૫)ના ગુન્હામાંથી ડીસ્ચાર્જ/બિનતહોમત મુકત કરવામાં આવે છે.

હુકમ આજ તા.૮મી, માહે એપ્રિલ, ૨૦૨૧ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮–૦૪–૨૦૨૧
અમદાવાદ.

(ભરતકુમાર સૂર્યકાન્ત ઉપાધ્યાય)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય)
[Code: GJ00206]

યુ.એ.પંડયા, પી.એ.